# ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧) બી હેઠળ જાહેરનામું

નાં.એમએજી–ફા.જાહેરનામું–૨૮૧–૧–૨૦૨૧

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
હોમ શાખા, રૂમ નં.૧૦૮,
જિલ્લા સેવા સદન–૧,
પોરબંદર
ફોન નં.૦૨૮૬–૨૨૨૧૦૮૫
તા.૨૧/૦૧/૨૦૨૧

## –::જાહેરનામું::–

પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/ફાયરીગ/જા.ના./૧૩૬/૨૦૨૧ થી ગીરસોમનાથ (વેરાવળ) પોલીસ દળના પોલીસ અધિકારી/કર્મચારીઓના વાર્ષિક ફાયરીગ જુનાગઢ ખાતેનું ફાયરીગ બટ રીપેરીગ થતું હોય જેથી પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીગ રેન્જના સ્થળે આગામી તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ ના કુલ દિવસ–૧૫(પંદર) ના સવારના ૦૭.૦૦ કલાક થી સાંજના ૧૯.૦૦ કલાક સુધી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉકત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીગ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર–જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ હું **રાજેશ એમ.તન્ના,** આઈ..એ.એસ**, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** સને.૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ **તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૧ ના કુલ દિવસ–૧૫(પંદર) ના સવારના ૦૭.૦૦ કલાક થી સાંજના ૧૯.૦૦ કલાક સુધી** પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીગ બટ વિસ્તારમાં પૂર્વ ભાગે –૨૦૦ મીટર, પશ્ચિમ ભાગે– ૨૦૦ મીટર, ઉતર ભાગે–૬૦૦ મીટર, દક્ષિણ ભાગે–૨૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં ૫(પાંચ) કિ.મી. સુધી રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યકિતગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા.૨૧/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

(રાજેશ એમ.તન્ના)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

**નકલ રવાના :–**

૧. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર, ગીરસોમનાથ
**જાણ તેમજ પૂરતી તકેદારી રાખવા અર્થે**

૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર
૩. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ગ્રામ્ય/શહેર,પોરબંદર
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, પોરબંદર
૫. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર
૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ રાજકોટ

જાહેરનામાની નકલો આ સાથે છે તો તેની ગુજરાત રાજયપત્રમાં વહેલાસર પ્રસિધ્ધી આપવા અને તેની પાંચ નકલો આ કચેરીને રેકર્ડ સારૂ મોકલી આપવા વિનંતી છે.

૭. માહીતી નિયામકશ્રી, પોરબંદર

**અખબારોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી આપવા વિનંતી છે.**

૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, કમલાબાગ તથા કિર્તીમંદિર પોલીસ સ્ટેશન, પોરબંદર
૯. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,

બગવદર, ઉધોગનગર, માધવપુર, મરીન(નવીબંદર) રાણાવાવ, કુતિયાણા

જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી અ ર્થે તથા તેમ કર્યા બદલનો દાખલો દફતરે રાખવા વિનંતી છે.

૧૦. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, પોરબંદર, છાંયા
૧૧. પોર્ટ ઓફીસરશ્રી, પોરબંદર
૧૨. સુપ્રિ.શ્રી કસ્ટમ, પોરબંદર
૧૩. ફીશરીઝ ઓફીસરશ્રી, પોરબંદર

જાહેરનામાની પ્રસિધ્ધી સારૂ તથા માછીમારો ઓડદર દરીયા કિનારા ઉપર ઉકત સમયે દરમ્યાન માછીમારી ન કરવા જાય તેની તકેદારી રાખવા

૧૪. ભુસ્તરશાસ્ત્રીશ્રી, ખાણ–ખનીજ, પોરબંદર

માઈનીગ/કવોરીલીઝ ધારકોને જાણ કરવા અને અમલવારી અર્થે

૧૫. તલાટી મંત્રીશ્રી, ઓડદર તા.પોરબંદર

બહોળી પ્રસિધ્ધી અર્થે